

# પીલના સમુદાયની સલામતી અને સુખાકારીની યોજનાનો સારાંશ





# પીલના સમુદાયની સલામતી અને સુખાકારી યોજનાનો સારાંશ

2018થી, પીલની સંસ્થાઓ પીલના સમુદાયની સલામતી અને સુખાકારી (CSWB)ની પ્રથમ યોજના બનાવવા માટે સાથે મળીને કામ કરી રહી છે.

આ યોજનાને સોલિસિટર જનરલ મંત્રાલયના 'કમ્યુનિટિ સેફ્ટી એન્ડ વેલબીઇંગ પ્લાનિંગ ફ્રેમવર્ક' દ્વારા માર્ગદર્શન મળ્યું છે, જે સમુદાયની સલામતી અને સુખાકારીને ટકાઉ સમુદાયની આદર્શ સ્થિતિ તરીકે વ્યાખ્યાંકિત કરે છે, જ્યાં દરેક સુરક્ષિત છે, જોડાયેલા રહેવાની ભાવના છે, ભાગ લેવાની તકો છે અને જ્યાં વ્યક્તિઓ અને પરિવારો શિક્ષણ, આરોગ્ય-સંભાળ, ખોરાક, આવાસ, આવક અને સામાજિક તથા સાંસ્કૃતિક અભિવ્યક્તિની પોતાની જરૂરિયાતોને પૂર્ણ કરવામાં સક્ષમ છે.

યોજનાની આ પ્રથમ પુનરાવૃત્તિ માટે ધ્યાન આપવાનાં ક્ષેત્રોમાં **કૌટુંબિક હિંસા, માનસિક આરોગ્ય તથા વ્યસનો અને વ્યવસ્થા-આધારિત ભેદભાવ** સામેલ છે. આ યોજના ત્રણેય ક્ષેત્રોમાં આપણા સમુદાયના યુવાનો અને પરિવારોની જરૂરિયાતોની તપાસ કરે છે. યોજનાનું પ્રથમ પુનરાવર્તન ચાર વર્ષની સમયમર્યાદાને અનુસરશે અને પીલના રહેવાસીઓની ઉભી થતી જરૂરિયાતોને પ્રતિબિંબિત કરવા માટે, આવશ્યકતા અનુસાર દર વર્ષે સમીક્ષા કરવામાં આવશે અને અદ્યતન કરવામાં આવશે. સમુદાય પર COVID-19ની અસરોએ ધ્યાન કેન્દ્રિત કરવાનાં ત્રણ ક્ષેત્રોમાં રહેવાસીઓને સમર્થન આપવાની તાકીદને મજબૂતી આપી છે.

આ યોજના સામૂહિક પરિકલ્પના પરનાં એ ક્ષેત્રોમાં સાથે મળીને કામ કરવાની તક રજૂ કરે છે, જે આપણા સમુદાય માટે લાંબા ગાળાના અને ટકાઉ સુધારાઓ તરફ દોરી જઈ શકે છે.

## પરિકલ્પના

પીલ એ સલામત, સમાવિષ્ટ અને જોડાયેલો સમુદાય છે જ્યાં બધા રહેવાસીઓ વિકાસ પામે છે.

## લક્ષ્ય

સેવાઓ અને સમર્થનની સુલભતાને સુનિશ્ચિત  કરવા માટે આપણે સાથે મળીને કામ કરીશું જે પીલના તમામ રહેવાસીઓ માટે સલામતી, જોડાણ અને સુખાકારીને વધારતું હોય.

### યોજના નીચેની બાબતોને લાગુ કરે છે:

- **સમાનતાના લેન્સ** આપણા સમગ્ર સમુદાયના લોકોને, આ યોજનામાં ફાળો આપવા સમર્થન આપવા અને પીલ સામનો કરી રહ્યું છે તે મુદ્દાઓથી જુદા જુદા લોકસમૂહોને કેવી અસર થાય છે તેનું સ્પષ્ટ ચિત્ર પૂરું પાડવા માટે.
- **આરોગ્યના સામાજિક નિર્ધારકો** એ સમજવા માટે કે લોકો જે સ્થિતિમાં જન્મે છે, ઉછેર પામે છે, કામ કરે છે, જીવન જીવે છે અને ઉંમર તેમના આરોગ્ય અને સુખાકારીને કેવી અસર કરે છે.
- **એક સામૂહિક પ્રભાવનો અભિગમ** એ સ્વીકાર કરવા કે જટિલ સામાજિક સમસ્યાઓના નિવારણ માટે, એક સરખો સામાન્ય કાર્યક્રમ અને વહેંચાતાં પરિણામો, મૂલ્યાંકન અને

પગલાંની યોજનાવાળા સમગ્ર સમુદાયની આવશ્યકતા હોય છે.

- **સ્થળ-આધારિત અભિગમ** આપણા સ્થાનિક સમુદાયમાંની સંપત્તિઓ અને શક્તિઓની કદર કરવી અને સંસાધનોને ત્યાં કેન્દ્રિત કરવાં જ્યાં તેમની જરૂર હોય અને એ રીતે કે જે સ્થાનિક રીતે અર્થપૂર્ણ હોય.
- પીલ સમુદાયોની તંદુરસ્તી અને સલામતીને અસર કરતાં સામાજિક પરિબળોને ધ્યાનમાં લેવા, ઉકેલો વિકસાવવા અને પગલાં લેવા માટે ધ્યાન ખેંચતું એક **મહત્વાકાંક્ષી કેન્દ્ર-બિંદુ**.

## CSWB યોજનાનાં મહત્વપૂર્ણ ચાલકબળ

- પીલમાં સમુદાયની સલામતી અને સુખાકારીને વધારવા માટે વધારાનાં સંસાધનો/ભંડોળ અને સમાન નીતિઓ માટે સરકારનાં અન્ય સ્તરોને **હિમાયત**.
- રહેવાસીઓ અને સમુદાયના ભાગીદારો સાથે **પ્રત્યાયન અને જોડાણ**.
- પ્રગતિ અને સફળતાની દેખરેખ રાખવા માટે **સહિયારા માપદંડ અને સૂચકાંકો.**

# સાથે મળીને કામ કરવું

CSWB યોજનાના વિકાસની માહિતી આપવા માટે 400 થી વધુ વ્યક્તિઓ અને સંસ્થાઓએ તેમના અભિપ્રાયો અને અનુભવો સહિયારા કર્યા. એકંદરે, પરામર્શ વડે, વધુ પીલ-વિશિષ્ટ આંકડાઓની આવશ્યકતા, વધુ વૈવિધ્યસભર તથા સતત જોડાણ અને ધ્યાન કેન્દ્રિત કરવા જેવા દરેક ક્ષેત્રમાં વધુ જાગરૂકતા નિર્માણની જરૂરિયાતનો સંકેત આપવામાં આવ્યો છે - આ બધું નિષ્પક્ષતા અને આંતરછેદ લેન્સવાળું હોય. સહભાગીઓમાં સર્વસંમતિ હતી કે આ મુદ્દાઓ પર પ્રગતિ કરવા તાત્કાલિકતા અને જવાબદેહીની ભાવના વિકસાવવાની જરૂર છે.

પરિણામે, અમારી CSWB યોજના આ પૂરું પાડવાનું લક્ષ્ય રાખશે:

- આરોગ્ય અને સામાજિક પદ્ધતિઓમાં સુધારેલ સંકલન, સહયોગ અને ગોઠવણી
- વ્યવસ્થામાં ઊણપ શોધવા માટે માહિતીને સહિયારી કરવી અને કાર્યસિદ્ધિની માપણી કરવી
- અગ્રતા જોખમો અને મામૂલી ગણાતાં જૂથો તથા પાડોશીઓ અંગેની વધુ સમજણ કેળવવી અને વધુ ધ્યાન કેન્દ્રિત કરવું
- નવી અથવા સુધારેલી સેવાઓ અને કાર્યક્રમો

પીલના રહેવાસીઓના જીવનમાં સારો બદલાવ  લાવવા આપણા સમુદાય સાથે કામ કરવા માટે પોલીસ અને આપાત્કાલિન સેવાઓ, સ્કૂલ બોર્ડ્સ, આરોગ્ય તથા સમાજ સેવા પૂરી પાડનારાઓ અને સરકારો સહિતનાં 25 થી વધુ સંગઠનો જે આ યોજનાની કાર્યપ્રણાલિના નેતૃત્વ કોષ્ટકમાં છે તે અને ધ્યાન કેન્દ્રિત કરવાના દરેક ક્ષેત્રના કામ કરનારાઓ મળીને પ્રતિબદ્ધ છે.

## લક્ષ્યો, વ્યૂહરચનાઓ અને પરિણામો

યોજનાના વિકાસમાં સામેલ લોકોએ માન્ય કર્યું હતું કે કોઈ પણ સંગઠન આ મુદ્દાઓનું એકલા હાથે નિરાકરણ કરી શકે નહીં. સાથે મળીને, તેઓએ ધ્યાન કેન્દ્રિત કરવા માટેના દરેક ક્ષેત્ર માટે લક્ષ્યો અને વ્યૂહરચના વિકસાવી કે જે સિદ્ધ કરવા તેઓ સહયોગપૂર્વક કાર્ય કરશે.

### કૌટુંબિક હિંસા

**ધ્યેય:** **સલામતી તરફ પીલના માર્ગનું સર્જન કરો અને તેને મજબૂત બનાવો**

**વ્યૂહરચના 1:** ઉચ્ચ જરૂરિયાતોવાળાં ક્ષેત્રોમાં અને હાલની સેવાઓમાં તથા દુર્વ્યવહારનો ભોગ બનેલા લોકો માટેનાં સમર્થનોને ઓળખવામાંની ઊણપો માટે પીલમાં સલામતીના હાલના માર્ગોની પ્રણાલિઓમાં નિશાનદેહી કરવી

**પરિણામો:**

- દુર્વ્યવહારના પીડિતો માટે સેવાઓ અને સમર્થનની સુલભતામાં સુધારો

**વ્યૂહરચના 2:** મહિલાઓ વિરુદ્ધની હિંસામાં આંકડાના એકત્રીકરણમાં, પ્રબંધનમાં અને અહેવાલની પ્રથામાં સુધારો કરવો

**પરિણામો:**

- આંકડાનું સુધારેલ એકત્રીકરણ , વિશ્લેષણ અને આંકડાની સહભાગિતા
- પીલમાં ગ્રાહક-વસ્તીની અને આવશ્યકતાની સુધારેલી સમજ

**વ્યૂહરચના 3:** COVID-19 ના પ્રત્યુત્તરમાં મહિલા ક્ષેત્રે હિંસા વિરુદ્ધ કાર્યરત અને કૌટુંબિક હિંસા દરમિયાનના હિતસંબંધીઓ વચ્ચેના સંકલિત પ્રયાસોમાંથી શીખવું અને તેનું સમર્થન કરવું

**પરિણામો:**

- સુધારેલ ભાગીદારી અને સમગ્ર ક્ષેત્રમાં સહયોગી નેટવર્ક
- રોગચાળો અને સ્વાસ્થ્યપ્રાપ્તિ દરમિયાન સમર્થનની સુધારેલી સુલભતા

**ધ્યેય:** **કૌટુંબિક હિંસા અંગે જાગૃતિ અને જાહેર શિક્ષણમાં વધારો**

**વ્યૂહરચના 1:** કૌટુંબિક હિંસા અને અંતરંગ ભાગીદારના શિક્ષણ અને જાગૃતિનું અભિયાન વિકસાવવું

**પરિણામો:**

- સમુદાયના મુદ્દા તરીકે કૌટુંબિક હિંસા પ્રત્યે રહેવાસીઓમાં જાગૃતિનો વધારો
- દુર્વ્યવહારનો ભોગ બનેલાઓ માટે હાલની ઉપલબ્ધ સેવાઓ અંગે રહેવાસીઓમાં જાગૃતિનો વધારો

## માનસિક આરોગ્ય અને વ્યસનો

**ધ્યેય:** **યુવાનો અને પરિવારો વચ્ચે માનસિક સુખાકારી અને સકારાત્મક સંબંધોને પ્રોત્સાહન આપવું**

**વ્યૂહરચના 1:** સહાયક વાતાવરણને પ્રોત્સાહિત કરવા અને યુવાનોને જોડાણો બનાવવામાં તથા કુશળતાઓ વિકસાવવામાં સહાય કરવા માટે પીલમાં હાલની યુવા પહેલ અને યુવાઓને સેવા આપતી સંસ્થાઓ સાથે કામ કરવું

**પરિણામો:**

- વધુ યુવાનોને પોતે સમુદાયમાં સલામત, સંકળાયેલા અને સમર્થિત લાગે છે

**ધ્યેય:** **માર્ગો સરળ બનાવીને અને પ્રયત્નોના સંકલન દ્વારા માનસિક આરોગ્ય અને વ્યસન (MHA) સેવાઓ અને યુવાનો માટે સમર્થનની સુલભતા સુધારવી**

**વ્યૂહરચના 1:** માનસિક સ્વાસ્થ્ય અને વ્યસનોના સમર્થનની સુલભતાની જરૂર હોય તેવા યુવાન લોકો માટે સંભાળના માર્ગમાં પરિવર્તન કરવું

**પરિણામો:**

- MHA સેવાઓ અને સમર્થન માટે સુધારેલ સિસ્ટમ નેવિગેશન
- MHA સેવાઓમાં સુધારેલ સુલભતા અને યુવાનો માટે સમર્થનો

**વ્યૂહરચના 2:** કટોકટીની પરિસ્થિતિઓમાં જોખમ ઘટાડવા માટે પીલમાં પરિસ્થિતિ કોષ્ટક(કો) વિકસિત કરવું

**પરિણામો:**

- ખુબ ઊંચા જોખમની વધુ પરિસ્થિતિઓને ઘટાડવામાં આવે છે

## વ્યવસ્થા આધારિત ભેદભાવ

**ધ્યેય:** **પીલમાં દમન વિરોધી અને સમાનતાની પ્રથાઓ તથા નીતિઓની જાહેરમાં સમીક્ષા કરવી, વિકસિત કરવી અને ટકાવી રાખવી**

**વ્યૂહરચના 1:** સિસ્ટમ લીડરશિપ ટેબલ પર ભાગીદારોમાં વિવિધતા, સમાનતા અને સમાવેશ માટેની પ્રતિબદ્ધતાને પુષ્ટિ

**પરિણામો:**

- સિસ્ટમ લીડરશીપ ટેબલ સંગઠનોએ પીલમાં વિવિધતા, સમાનતા અને સમાવેશ માટેની પ્રતિબદ્ધતાને પુષ્ટિ આપી છે

**વ્યૂહરચના 2:** દમન વિરોધ અને સમાનતા અંગે વરિષ્ઠ નેતાઓની સમજ અને જાગૃતિનું નિર્માણ કરવું

**પરિણામો:**

- વ્યવસ્થા આધારિત ભેદભાવ અને વ્યવસ્થા આધારિત જાતિવાદની સમજમાં વધારો
- દમન વિરોધ અને સમાનતાના સિદ્ધાંતો અને વ્યવહારની સમજમાં વધારો જે સંસ્થાઓમાં સામેલ કરી શકાય છે

**વ્યૂહરચના 3:** સમાનતા અને સમાવિષ્ટતામાં સંગઠનાત્મક ક્ષમતાનું નિર્માણ અને પ્રગતિ અંગે જાહેરમાં અહેવાલ

**પરિણામો:**

- સિસ્ટમ લીડરશીપ ટેબલમાં સંગઠનોની સંખ્યામાં વધારો જે સમાનતાના માપદંડની આકારણીને પૂર્ણ કરે છે
- સિસ્ટમ લીડરશીપ ટેબલ પર એવી સંસ્થાઓની સંખ્યામાં વધારો જે વાર્ષિક પ્રગતિ પર અહેવાલ આપે છે
- સુધારેલ સંગઠનાત્મક નીતિઓ અને પદ્ધતિઓ કે જે સમાનતા અને સમાવેશને આગળ ધપાવે છે

**વ્યૂહરચના 4:** સમુદાય સલામતી અને સુખાકારી યોજના પ્રવૃત્તિઓની રુપરેખા અને અમલીકરણમાં જીવંત અનુભવ ધરાવતા લોકોના અર્થપૂર્ણ જોડાણ માટેની તકો ઉભી કરવાની વ્યૂહરચનાનો અમલ

**પરિણામો:**

- જીવંત અનુભવ ધરાવતા લોકોને CSWB આયોજન અને અમલીકરણમાં વિવિધ સ્તરોમાં સામેલ થવાની તકો છે.

| | |
|---|---|
| **ધ્યેય:** | **અસરનું મૂલ્યાંકન કરવા અને અસમાનતાનો ઉદભવ થતાં જ પ્રતિસાદ આપવા માટે આંકડાનું અસરકારક એકત્રીકરણ અને અહેવાલ પ્રણાલિઓનો અમલ કરવો** |
| **વ્યૂહરચના 1:** | સિસ્ટમ લીડરશીપ ટેબલ સંગઠનોના જૂથ સાથે સામાજિક વસ્તી આધારિત આંકડાના સંગ્રહને ચલાવવો અને આંકડા સહિયારા કરવાનું તંત્ર વિકસિત કરવું |

**પરિણામો:**

- સામાજિક વસ્તી આધારિત આંકડા એકત્રિત કરતી સંસ્થાઓની સંખ્યામાં વધારો
- સમુદાય સંગઠનોમાં સુધારેલ આંકડા સહિયારાપણું અને સમાન વ્યાખ્યાઓ
- નીતિઓ અને પ્રણાલીઓની જાણ કરવા માટે પીલમાં અસમાનતા અંગેની સમજ વધી

## આગામી પગલાં

પીલની CSWB યોજના, પીલમાં સલામતી અને સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે એક સાથે કામ કરવા માટે એક માળખું અને અભિગમ સ્થાપિત કરે છે. હવે અને ભવિષ્યમાં, યોજના સમુદાયની ઉભરતી જરૂરિયાતો માટે અનુકૂળ રહેશે. સમુદાય માટે વિચારો સહિયારા કરવાની અને તેમાં સામેલ થવાની પ્રવર્તમાન તકો એ યોજનાનો એક મહત્વપૂર્ણ ભાગ છે, જેનો સમાવેશ 2024 સુધી અને તેથી આગળ છે.

પીલને સલામત, સમાવિષ્ટ અને જોડાયેલો એવો સમુદાય બનાવવામાં, કે જ્યાં તમામ રહેવાસીઓ સમૃદ્ધ થાય છે, આપણા સૌની ભૂમિકા છે. સતત આયોજન, અમલીકરણ અને જોડાણ દ્વારા, એક સાથે, આપણે કંઇક ફરક પાડીશું.

**peelregion.ca/community-safety-wellbeing-plan**

પીલની સમુદાય સલામતી અને સુખાકારીની યોજના 2020-2024

**peelregion.ca/community-safety-wellbeing-plan**